# ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ Q2 અને H1/FY'23 માટે પરિણામોની જાહેરાત કરી

**ગુરુગ્રામ, તા.૨૯મી ઓક્ટોબર ૨૦૨૨:** ભારતની અગ્રણી સંકલિત સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઈડર ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ આજે Q2 અને H1/FY'23 માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે.

પરિણામ પર ટિપ્પણી કરતાં TCIના મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે કંપનીએ Q2 અને HY FY23 માં સાતત્યપૂર્ણ પ્રદર્શન દર્શાવ્યું હતું. ઓટોમોબાઈલ અને વપરાશ ક્ષેત્રોમાં વધતી માંગ સાથે મુખ્ય બિઝનેસ ફંડામેન્ટલ્સ પર ફોકસ કરવાથી તમામ બિઝનેસ સેગમેન્ટ્સ સંતોષકારક ડિલિવરી કરવામાં સક્ષમ બન્યા છે. ફુગાવાના દબાણ છતાં પરિણામો ઉત્કૃષ્ટ રહ્યાં હતા.

કંપની તેના વ્યાપક મલ્ટીમોડલ નેટવર્ક, કસ્ટમાઈઝ્ડ સર્વિસ ઓફરિંગ, યોગ્ય ટેક્નોલોજી અને ઓટોમેશનમાં રોકાણ દ્વારા ઉચ્ચ વૃદ્ધિના સેગમેન્ટ્સને ટેપ કરવામાં અલગ સ્થાન ધરાવે છે.